# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-06-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિશા શ્રીમાળી** વાંચે છે.

---

1. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યની નવરચિત છ મહાનગર પાલિકાઓ, પાંચ નગરપાલિકાઓ અને બે મહાનગરોમાં એક હજાર 700 કરોડ રૂપિયાથી વધુનાં કામોને સૈદ્ધાંતિક મંજૂરી આપી
2. મુખ્યમંત્રીએ રાજકોટમાં કુલ 557 કરોડથી વધુ રૂપિયાનાં વિકાસકાર્યોનું ખાતમૂહુર્ત અને લોકાર્પણ કર્યું
3. 22મી જૂને યોજાનાર સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટેનાં ફોર્મ ભરવાની પ્રક્રિયાનો પ્રારંભ
4. શાળા પ્રવેશોત્સવના પ્રારંભ પહેલા શાળા વ્યવસ્થાપન સમિતિ- SMCની પુનઃરચના કરવા શિક્ષણ મંત્રી ડોક્ટર કુબેર ડીંડોરની સૂચના
5. આવતીકાલે રાજ્યનાં 21 જિલ્લાઓમાં હળવા વરસાદની હવામાન વિભાગની આગાહી

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# CM NAGARPALIKA WORK

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે છ નવરચિત મહાનગર પાલિકાઓ, પાંચ નગરપાલિકાઓ અને અમદાવાદ તથા ગાંધીનગર મહાનગર પાલિકાઓમાં વિવિધ વિકાસ કામો માટે એક સાથે એક જ દિવસમાં એક હજાર 700 કરોડ રૂપિયાથી વધુના કામોને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. આ રકમમાંથી અમદાવાદ મહાનગર પાલિકાને 546 કરોડ, ગાંધીનગરને 32 કરોડ, આણંદને 148 કરોડ, મોરબી 270 કરોડ, સુરેન્દ્રનગર 257.60 કરોડ, નડિયાદ 71.91 કરોડ, વાપી 251.91 કરોડ અને નવસારીને 90.35 કરોડ રૂપિયા મળશે.

મુખ્યમંત્રીએ સ્ટ્રીટલાઇટ, સોલાર સુવિધા, સિટી બ્યુટીફિકેશન, ડેવલપમેન્ટ ઓફ પબ્લિક ગાર્ડન, ડ્રેનેજ, ટ્રાફિક સર્કલ, રેન વોટર હાર્વેસ્ટિંગ, સ્ટોર્મ વોટર ડ્રેનેજ લાઇન, સિટી સિવિક સેન્ટર, અને ફાયર ઉપકરણો વગેરે મળીને આંતરમાળખાકીય સુવિધાના 247 જેટલા કામો 6 નવરચિત મહાનગર પાલિકાઓમાં હાથ ધરવા માટે 676.28 કરોડ રૂપિયા મંજૂર કર્યા છે.

. . . . . . . . . . .

# CM AT RAJKOT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે રાજકોટ ખાતે શહેર-જિલ્લાના 557 કરોડ રૂપિયાથી વધુનાં વિકાસ કામોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું કે, રાજકોટને આજે 112 કરોડ રૂપિ.યાની વધારાની રોડ કનેક્ટિવિટીનો લાભ મળી રહ્યો છે જેના કારણે રાજકોટ તેમજ સૌરાષ્ટ્રના વિકાસને વધુ વેગ મળશે.

તેમણે જણાવ્યું કે, રાજકોટ ગુજરાતમાં MSME, મશીનરી, અને સોના ચાંદી ઇમિટેશન સહિતનાં વેપારનાં મુખ્ય કેન્દ્ર તરીકે ઉભરી આવ્યું છે.

શ્રી પટેલે પીએમ સૂર્યઘર યોજનામાં ગુજરાત અગ્રેસર હોવાનું જણાવ્યું

(BYTE - CM PM SURY YOJNA)

અમારા પ્રતિનીધી જણાવે છે કે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજકોટ શહેર-જિલ્લામાં થયેલા ૩૪૩ કરોડ ૩૯ લાખનાં ૧૩ વિકાસ કામોનું લોકાર્પણ તથા ૨૧૩ કરોડ ૭૯ લાખનાં ૨૮ વિકાસ કામોનાં ખાતમુહૂર્ત કર્યા.

મુખ્યમંત્રીએ નવા સાત સબ સ્ટેશનોનું અને ત્રણ સુધારણા જૂથ યોજનાઓનું લોકાર્પણ કર્યું. તેમણે જસદણ ખાતે આશરે સાત એકરમાં ૮.૪૦ કરોડ રૂપિયાના ખર્ચે તાલુકા કક્ષાનું રમતગમત સંકુલ નું લોકાર્પણ તથા માર્ગ મકાન વિભાગ હસ્તકના ૧૧૨ કરોડ રૂપિયાથી વધુના ખર્ચે નિર્માણ પામનાર પાંચ રોડ અને બે પુલનું ખાતમુહૂર્ત તથા એક રોડનું લોકાર્પણ કર્યું..

. . . . . . . . . .

# GRAM PANCHYAT ELECTION-

22મી જૂને યોજાનાર સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટેનાં ફોર્મ ભરવાની પ્રક્રિયા ચાલી રહી છે. મહેસાણા જિલ્લામાં કડી અને જોટાણા તાલુકા સિવાય આઠ તાલુકાઓમાં ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાઈ રહી છે. અત્યાર સુધીમાં સરપંચ અને વોર્ડના સભ્યો માટે 290 ઉમેદવારી ફોર્મ ભરાયા છે.

જિલ્લાનાં કંચનપુરા અને કડવાસણ ગામ ચૂંટણીમાં સમરસ થયાં છે. વડનગર તાલુકાની 4 ગ્રામ પંચાયત પણ સમરસ થઈ છે. મહેસાણા તાલુકાની ભેંસાણા ગ્રામ પંચાયતમાં સરપંચ અને સભ્યો બિનહરીફ ચૂંટાયા છે, જેમાં સરપંચપદે ચૂંટાયેલા દક્ષાબા બહાદુરસિંહ ઝાલાએ પોતાની પ્રતિક્રિયા આ મુજબ આપીઃ

**(BYTE DAKSHABA JHALA, SARPANCH, NDMS )**

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરની તખતગઢ ગ્રામ પંચાયત ફરી એકવાર સમરસ પંચાયત જાહેર થઈ છે. ગામના મહિલા સરપંચ તરીકે ભગવતીબેન બિનહરીફ ચૂંટાયા છે.

આ આંગે સ્થાનિક આગેવાન ગણપતભાઇએ પ્રતિક્રિયા આપતા આ મુજબ જણાવ્યુઃ

**(BYTE GANPATBHAI, NDMS)**

તાપી જિલ્લાના અમારા પ્રતિનિધિ જણાવે છે કે જિલ્લામાં કુલ 96 ગ્રામ પંચાયતોની મુખ્ય અને પેટા ચૂંટણી થવા જઈ રહી છે. વ્યારામાં 12 જેટલી ગ્રામ પંચાયતોની ચૂંટણી થશે. વ્યારા મામલતદાર કચેરી ખાતે રાણીઆંબા જૂથ ગ્રામ પંચાયતના ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા.

પંચાયતોની ચૂંટણી માટે તારીખ 9 જૂન સુધી ઉમેદવારી પત્રો ભરી શકાશે. 10 જૂનના રોજ ઉમેદવારી પત્રોની ચકાસણી કરાશે જ્યારે 11 જૂન ઉમેદવારી પત્રો પરત ખેંચવાની છેલ્લી તારીખ છે. 22 જૂને મતદાન અને 25 જૂને પરિણામ જાહેર થશે.

. . . . . . . . . . .

# EXIT/ OPINION POLL BAN

**ચૂંટણી પંચે કડી અને** વિસાવદર વિધાનસભા બેઠકની પેટાચૂંટણીનાં રોજ 19 જૂને સવારનાં ૭:00 વાગ્યાથી સાંજના ૬:30 વાગ્યા દરમિયાનના સમયગાળામાં પ્રિન્ટ કે ઇલેક્ટ્રોનિક મીડિયા પર કોઈપણ પ્રકારના 'એક્ઝિટ પોલ' કે તેના પરિણામો પ્રકાશિત અથવા પ્રસારિત કરવા પર પ્રતિબંધ મૂકયો છે.

આ ઉપરાંત, મતદાનનો સમય પૂરો થતો હોય તે સમય પૂર્વેના ૪૮ કલાક દરમિયાન 'ઓપિનિયન પોલ' પર પણ પ્રતિબંધ રહેશે.

. . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે

અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

...................................

## SMC REORGANISATION KUBER DINDOR

૨૦૨૫નો શાળા પ્રવેશોત્સવ શરૂ થાય તે પહેલા શાળા વ્યવસ્થાપન સમિતિ- SMCની પુનઃરચના કરવા શિક્ષણ મંત્રી ડોક્ટર કુબેર ડીંડોરે સંબંધિત અધિકારીઓને જણાવ્યું છે. તેમણે આ સમિતિમાં સક્રિય અને રસ ધરાવતા જ સભ્યોનો સમાવેશ થાય તેનું ખાસ ધ્યાન રાખવામાં જણાવ્યું હતું.

શિક્ષણ મંત્રીએ ગાંધીનગરના વિદ્યા સમીક્ષા કેન્દ્ર ખાતે રાજ્યના જિલ્લા શિક્ષણાધિકારીઓ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓ, BRC, CRC અને શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો સાથે વિડિયો કોન્ફરન્સના માધ્યમથી સંવાદ કર્યો હતો.

મંત્રીશ્રીએ, શૈક્ષણિક સત્ર શરૂ થાય તે પહેલા રાજ્યની શાળાઓમાં પુરતી શૈક્ષણિક સગવડો ઉપલબ્ધ છે કે નહીં તે ચકાસવા સૂચના આપી હતી.

. . . . . . . . . . .

## ONLINE SCHOOL SELECTION

રાજ્યની સરકારી-બિનસરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સહાયક ભરતી - ૨૦૨૪ અંતર્ગત તમામ ઉમેદવારોએ તારીખ નવ જૂન સુધીમાં પુનઃ ઓનલાઇન શાળા પસંદગી કરવાની રહેશે.

અગાઉ તારીખ 13થી 17 મે, 2025 દરમિયાન ઉમેદવારોએ આપેલી શાળા પસંદગી અને 21 મે, ૨૦૨૫ના રોજ કરેલી શાળા ફાળવણીને ઉમેદવારોના હિતને ધ્યાનમાં રાખીને રદ જાહેર કરવામાં આવી હોવાથી પુનઃ પસંદગી કરવાની રહેશે.

આ ઉપરાંત, બિનસરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે પણ ડોક્યુમેન્ટ વેરિફિકેશન અને વાંધા અરજી બાદ લાયક તમામ ઉમેદવારોએ આગામી તા. ૯ જૂનના રોજ રાત્રે ૧૧.૫૯ કલાક સુધી પોર્ટલ પર ઓનલાઇન શાળા પસંદગી કરવાની રહેશે.

. . . . . . . . . . .

# WEATHER

હવામાન વિભાગે આવતીકાલે દાહોદ, પંચમહાલ, વડોદરા, છોટાઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ, દાદરા નગર હવેલી, પોરબંદર, જુનાગઢ, ગીર સોમનાથ, દીવ, રાજકોટ, અમરેલી, બોટાદ અને ભાવનગરમાં હળવા વરસાદની સંભાવના વ્યક્ત કરી છે.

ગઈકાલે રાજ્યમાં મહત્તમ 41 ડિગ્રી સેલ્સિયસ તાપમાન રાજકોટ ખાતે તેમજ સુરેન્દ્રનગર અને કંડલા એરપોર્ટ ખાતે 40 ડિગ્રી સેલ્સિયસ

નોંધાયુ હતું. અમદાવાદ અને ગાંધીનગર ખાતે મહત્તમ તાપમાન અનુક્રમને 38 અને 37 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

હવામાન વિભાગના નિયામક ડોક્ટર એ કે દાસે વધુ માહિતી આપીઃ

**(BYTE - DR A K DAS IMD DIRECTOR)**

. . . . . . . . . . .

## DWARKA-GOMATI GHAT PRATIBANDH

દ્વારકાના દરિયામાં હાલ કરંટ જોવા મળતો હોવાથી ગોમતી નદીમાં લોકોને ન્હાવા ઉપર વહીવટી તંત્ર દ્વારા પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. અવારનવાર ડૂબવાની ઘટનાઓ સામે આવ્યા બાદ, સુરક્ષાના ભાગરૂપે જિલ્લા કલેકટર દ્વારા આ પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. હાલ ગોમતીઘાટ ઉપર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે, અને લોકોને ગોમતી ઘાટ પરથી દૂર કરવામાં આવ્યા છે.

. . . . . . . . . . .

## AMRELI- SINH DARSHAN

અમરેલી જિલ્લાના ખાંભા તુલસીશ્યામ રેન્જમાં, વનવિભાગે મોડી રાત્રે પેટ્રોલિંગ દરમિયાન ગેરકાયદે સિંહદર્શન કરવા જતાં 5 શખ્સોને વાહન સાથે ઝડપી લીધા છે. વનવિભાગે આ તમામ શખ્સો સામે વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ 1972 હેઠળ કાર્યવાહી કરીને, શિક્ષાત્મક પગલાં ભર્યા છે અને કુલ 90 હજાર રૂપિયાનો દંડ વસૂલ કર્યો છે.

. . . . . . . . . . .